સંદેશ, પાના.નંબર.- ૦૨
તારીખ :- ૨૫/૦૨/૨૦૨૬.

# ગિફ્ટસિટી અને શાહપુર વચ્ચે વધુ ત્રણ મેટ્રો એલિવેટેડ સ્ટેશનો બનશે

## કેન્દ્રિય કેબિનેટે મેટ્રોરેલ વિસ્તરણને મંજુરી આપી

। ગાંધીનગર ।

ગાંધીનગરના ગિફ્ટસિટીથી શાહપુર વચ્ચેના ૩.૩૩ કિલોમીટર રૂટ પર આગામી દિવસોમાં મેટ્રો ટ્રેનના ત્રણ એલિવેટેડ સ્ટેશનો કાર્યરત થશે. આજરોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાની કેન્દ્રિય કેબીનેટે ગિફ્ટસિટીથી શાહપુર સુધીના મેટ્રોરેલ નોર્થ સાઉથ કોરીડોરના વિસ્તરને મંજુરી આપી હતી. આ સાથે જ ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને ગિફ્ટસિટી વચ્ચેની કનેક્ટીવીટી વધુ મજબુત બનશે.

ઉલ્લેખનીય છેકે, ગિફ્ટસિટી વિશ્વભરમાં ફિનટેક હબ તરીકે પ્રસિધ્ધ છે. અહિ મલ્ટિનેશનલ ફિનટેક કંપનીઓ સહિત ગિફ્ટસિટીમાં કાર્યરત એકમો, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રો તથા અમદાવાદ અને ગિફ્ટસિટી વચ્ચે દૈનિક મુસાફરી કરતા નાગરિકોને આ કનેક્ટિવિટીનો લાભ મળશે. હાલ ગુજરાત મેટ્રોના ૬૮.૨૮ કિલોમીટરના મેટ્રોફેઝ-૧માં એપીએમસીથી મોટેરા સ્ટેડિયન અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ તેમજ ફેઝ-૨માં મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને જીએનએલસુથી ગિફ્ટસિટી સુધીમાં કુલ ૫૩ સ્ટેશનો કાર્યરત છે. જેનો દૈનિક ૧.૬૦ લાખ લોકો અવરજવર માટે લાભ મેળવે છે. હવે કેન્દ્રિય કેબિનેટે ગિફ્ટસિટીથી શાહપુર સુધીના ૩.૩૩ કિલોમીટર લાંબા વિસ્તરણને મંજુરી આપતા આગામી દિવસોમાં આ રૂટ પર ત્રણ એલિવેટેડ સ્ટેશનો કાર્યરત થશે. આ પ્રોજેક્ટ ૧૦૬૭ કરોડનો છે. જે ચાર વર્ષમાં પુર્ણ કરવાનું આયોજન છે. હાલ અમદાવાદથી ગાંધીનગર વચ્ચે દોડતી મેટ્રોરેલના કારણે મુસાફરોને ગંતવ્યસ્થળે પહોંચવા માટે સમયની બચત થઈ રહી છે. આ સાથે અમદાવાદ ગાંધીનગરના ટ્રાફિકમાંથી પણ મુક્તિ મળી છે.